# જીપી (GP) સર્જરિ સાથે કેવી રીતે રજિસ્ટર્ડ થવું

જીપી (GP) સર્જરિ સાથે તમારે અથવા કોઈ એક વ્યક્તિને નોંધણી કરાવવા માટે, આ ફોર્મ ભરો અને તમે જે સર્જરિમાં રજિસ્ટર થવા માંગો છો તેમને તે આપો.

**તમારે કરવું જોઈએ:**

- જયાં જરૂરી હોય ત્યાં બોકસીસ માટે 'ટિક' અથવા 'x' નો ઉપયોગ કરો
- તમને અથવા તમે નોંધણી કરી રહ્યા છો તે વ્યક્તિને લાગુ પડતા બધા વિભાગો પૂર્ણ કરો
- શકય હોય તેટલી વધારે માહિતી પૂરી પાડો
- મોટા અક્ષરોનો ઉપયોગ કરો
- જો તમે પ્રશ્નના જવાબ આપી શકતા ન હો અથવા તે લાગુ પડતા ન હોય તો ' લાગુ પડતુ નથી' અથવા 'N/A' લખો
- ફકત કાળી અથવા બ્લ્યૂ શાહીનો ઉપયોગ કરો
- જો તમને આ ફોર્મ ભરવામાં મદદની જરૂર હોય તો જે સર્જરિ સાથે નોંધણી કરાવવા માંગો છો તેના રિસેપ્શન ડેસ્ક પર પૂછો

**કયા વિભાગો પૂર્ણ કરવા જોઈએ?**

- ભાગ A – લાગુ પડતા બધા વિભાગો.
- ભાગ B – આ વિભાગ વૈકલ્પિક છે, પણ જીપીને શ્રેષ્ઠ સંભાળ પૂરી પાડવામાં મદદ કરશે.
- ભાગ C – જો તમે સામાન્યરીતે યૂકેમાં (UK) રહેતા ન હોય તો ફકત આ વિભાગો પૂર્ણ કરો.

જો તમે બધા સંબંધિત વિભાગો પૂર્ણ ન કરો તો જીપી સર્જરિ દ્વારા તમારો સંપર્ક કરવામાં આવી શકે.

**ઓનલાઈન રજિસ્ટર કે નોંધણી કરો**

નવી જીપી સર્જરિ સાથે ઓનલાઈન નોંધણી કરાવવી તે ઝડપી અને સુરક્ષિત છે. તમે જે સર્જરિ સાથે નોંધણી કરાવવા માંગો છો તેની વેબસાઈટ લિન્ક 'રજિસ્ટર ટૂ અ જીપી સર્જરિ' સર્વિસ માટે તપાસો.

## ભાગ A

શકય હોય તેટલી વધારે માહિતી પૂરી પાડવાનો પ્રયત્ન કરો. જો કોઈ પ્રશ્ન તમને અથવા તમે નોંધણી કરાવી રહ્યા હો તે વ્યક્તિને લાગુ પડતો ન હોય તો ' લાગુ પડતુ નથી' અથવા 'N/A' લખો.

## વિભાગ 1 – કોણ નોંધણી કરી રહ્યુ છે?

**1** **શું તમે નોંધણી કરાવી રહ્યા છો**

☐ તમારી જાતે (વિભાગ 2 માટે જાઓ- દરદીની વિગતો) ☐ બીજી કોઈ વ્યક્તિ

**જો તમે કોઈ બીજી કોઈ વ્યક્તિની નોંધણી કરાવી રહ્યા હો તો ફકત તમારી વિગતો આપો.**

**2** **તમારું નામ**

**3** **તમે જે વ્યક્તિની નોંધણી કરાવી રહ્યા છો તેની સાથેનો તમારો સંબંધ કે સગાઈ**

**4** **તમારો સંપર્ક ટેલિફોન નંબર**

i તમે લોહી અથવા અંગ દાતા તરીકે જીવન બચાવવામાં મદદ કરી શકો. કોઈ વ્યક્તિની લાઈફલાઈન કે જીવનદોરી બનો.
**મુલાકાત લો www.nhsbt.nhs.uk/lifeline** અથવા **0300 123 23 23 પર અમને કોલ કરો.**

# વિભાગ 2 – દરદીની નોંધણી કરાવવાની વિગતો

**1** શીર્ષક

**2** પહેલું નામ

**3** છેલ્લુ નામ

**4** મધ્ય નામ ( જો તમારી પાસે એક હોય તો)

**5** અગાઉનું છેલ્લુ નામ

**6** જન્મતારીખ તારીખ મહિનો વર્ષ

**7** તમારા NHS રિકોર્ડમાં નોંધાયેલ તરીકે તમારી જાતીય શું છે?

☐ સ્ત્રી ☐ પુરુષ ☐ મધ્યલિંગી

☐ નિશ્ચિત અથવા જાણીતી નથી

**8** NHS નંબર (જો તમારી પાસે તે હોય તો)

**9** જન્મનું ગામ, ટાઉન અથવા સિટિ કે શહેર

**10** જન્મનો દેશ

**11** હાલનું સરનામું

પોસ્ટકોડ

**12** તમે રજિસ્ટર કરેલ છેલ્લી જીપી સર્જરિ માટે તમે કયો પોસ્ટકોડ આપ્યો?

**13** તમે રજિસ્ટર્ડ થયેલ યૂકેની જીપી સર્જરિનું નામ અને સરનામું

પોસ્ટકોડ

**14** શું તમે કયારેય યૂકેમાં (UK) બીજે કયાંય રહ્યા છો? હા ના

☐ હા ☐ ના

**15** યૂકેમાં (UK) છેલ્લુ સરનામું

પોસ્ટકોડ

**16** ઘરનો ફોન નંબર

**17** મોબાઈલ ફોન નંબર

**18** ઈમેઈલ સરનામું

**19** કટોકટીના સંપર્કનું નામ

**20** કટોકટીના સંપર્કનો ફોન નંબર

**21** તેમનો તમારી સાથેનો સંબંધ કે સગાઈ

**22** નજીકના સગાનું નામ

**23** નજીકના સગાનો ફોન નંબર

**24** તેમનો તમારી સાથેનો સંબંધ કે સગાઈ

# વિભાગ 3 – 18 વર્ષની હેઠળના દરદીઓ

## ફક્ત 12 મહિનાઓથી હેઠળના બાળકો માટે

**1** તેઓ ક્યાં જન્મયા હતાં?

- [ ] ઈંગ્લેન્ડ
- [ ] નોર્ધન આયરલેન્ડ
- [ ] વેલ્સ
- [ ] આઈલ ઓફ મેન
- [ ] સ્કોટલેન્ડ
- [ ] યૂકેની (UK) બહાર

**2** જયારે બાળકનો જન્મ થયો હતો ત્યારે માતા ક્યાં રહેતી હતી?

પોસ્ટકોડ

## 18 વર્ષની હેઠળના દરદીઓ માટે

**1** શું તમે નીચેમાંના કોઈ પણમાં હાજરી આપો છો?

- [ ] સ્કૂલ
- [ ] નર્સરિ
- [ ] હોમ સ્કૂલ
- [ ] આમાંના કોઈ નહિ

**2** સરનામું

પોસ્ટકોડ

**3** શું આમાંથી કોઈ પણ તમારી સંભાળમાં સમાવિષ્ટ છે?

- [ ] હોસ્પિટલ નિષ્ણાત
- [ ] આરોગ્ય કાર્યકર
- [ ] સોશ્યલ વર્કર
- [ ] આમાંના કોઈ નહિ

**4** શું તમે તમારા બધા રસીકરણો લીધા છે?

- [ ] હા
- [ ] ના
- [ ] માહિતી નથી

**5** શું તમે યૂકેમાં (UK) તમારા નિયમિત રસીકરણો મેળવ્યા છે?

- [ ] હા
- [ ] ના
- [ ] માહિતી નથી

# વિભાગ 4 – વધારાની માહિતી

**1** તમારું એથનિક જૂથ શું છે?

A થી E માંથી એક વિભાગ પસંદ કરો, પછી તમારું શ્રેષ્ઠ એથનિક જૂથ અથવા પાર્શ્વભૂમિકા વર્ણન કરવા માટે એક બોક્સ માટે ટિક કરો.

**(A) વાઈટ**

- [ ] ઈંગ્લિશ, વેલ્શ, સ્કોટિશ, નોર્ધન આઈરીશ અથવા બ્રિટિશ
- [ ] આઈરીશ
- [ ] જીપ્સિ અથવા આઈરીશ ટ્રાવેલર

બીજી કોઈ પણ વાઈટ પાર્શ્વભૂમિકા

**(B) મિશ્ર અથવા વિવિધ એથનિક જૂથો**

- [ ] વાઈટ અને બ્લેક કેરિબિયન
- [ ] વાઈટ અને બ્લેક આફ્રિકન
- [ ] વાઈટ અને એશિયન

કોઈ પણ બીજા મિશ્ર અથવા વિવિધ એથનિક પાર્શ્વભૂમિકા

**(C) એશિયન અથવા એશિયન બ્રિટિશ**

- [ ] ઈન્ડિયન
- [ ] પાકિસ્તાની
- [ ] બંગલાદેશી
- [ ] ચાઈનીઝ

કોઇ પણ બીજી એશિયન પાર્શ્વભૂમિકા

**(D) બ્લેક/આફ્રિકન/કેરેબિયન/બ્રિટિશ**

- [ ] આફ્રિકન
- [ ] કેરેબિયન

કોઈ પણ બીજી બ્લેક, આફ્રિકન અથવા કેરેબિઅન પાર્શ્વભૂમિકા

**(E) બીજા એથનિક જૂથ**

- [ ] આરબ

કોઈ પણ બીજા એથનિક જૂથ

- [ ] કહેવાનું પસંદ નહિ

# વિભાગ 4 – વધારાની માહિતી

**2** **શું તમે પહેલાં યૂકેના (UK) જીપી (GP) સાથે રજિસ્ટર્ડ થયેલ છો?**

☐ હા ☐ ના

**3** **જો તમે યૂકેમાં સ્થળાંતર થયા હો તો, કઈ તારીખે તમે આવ્યા?**

☐☐ ☐☐ ☐☐☐☐

**4** **શું તમે ક્યારેય યૂકેના સશસ્ત્ર દળોમાં સેવા આપી છે અથવા તમે ક્યારેય યૂકે કે વિદેશમાં સંરક્ષણ મંત્રાલય જીપી સાથે નોંધણી કરાવી છે?**

☐ હા ☐ ના ☐ કહેવાનું પસંદ નહિ

જ્યારે તમે યૂકે સશસ્ત્ર દળ છોડયુ ત્યારે તમને FMED133A ફોર્મ (કેટલીકવાર FMED1 ફોર્મ પણ કહેવામાં આવે છે) આપવામાં આવ્યુ હોય તો, તમારે આ તમારી જીપી સર્જરિમાં આપવું જોઈએ.

**5** **તમારી એપોઈન્ટમેન્ટ માટે શું તમને ઈન્ટરપ્રિટરની જરૂર છે?**

☐ હા ☐ ના

**6** **કઈ ભાષા?**

☐ બ્રિટિશ સાઈન લેંગ્વેજ (BSL)

**7** **શું તમે કેરર છો?**

☐ હા ☐ ના

**8** **તમે જેની સંભાળ રાખો છો તેમની સાથે તમારો સંબંધ શું છે?**

**9** **તમે કયા પ્રકારના કેરર છો?**

☐ યુવાન કેરર, 18 હેઠળના ☐ નોકરી તરીકે ચૂકવણી
☐ પગાર વગરના, પણ બેનિફિટ મળી શકે ☐ ફોસ્ટર કેરર

**10** **શું તમારી પાસે કેરર કે સંભાળ રાખનાર છે?**

☐ હા ☐ ના

**11** **તમારા સંભાળ રાખનાર સાથે તમારો સંબંધ શું છે?**

**12** **તેઓ કયા પ્રકારના કેરર છે?**

☐ યુવાન કેરર, 18 હેઠળના ☐ નોકરી તરીકે ચૂકવણી
☐ પગાર વગરના, પણ બેનિફિટ મળી શકે ☐ ફોસ્ટર કેરર

**13** **કેરરના સંપર્ક ટેલિફોન નંબર**

☐☐☐☐☐☐☐☐☐☐☐☐☐☐

**14** **તમે તમારા પ્રિસ્કિપશનો કઈ ફાર્મસિમાં મોકલવા માંગો છો?**

**ફાર્મસિનું સરનામું**

પોસ્ટકોડ

તમે કયારેક ફાર્મસિમાં જવાને બદલે તમારી પ્રિસ્ક્રિપશન આઈટમ જીપી સર્જિરિમાંથી એકત્રિત કરી શકો. તમારી સર્જરિ આની ચર્ચા તમારી સાથે કરી શકે.

**15** **શું તમે તમારી નજીકની ફાર્મસિથી 1 માઈલ કરતાં દૂર રહો છો?**

☐ હા ☐ ના

**16** **શું તમને તમારી નજીકની ફાર્મસિમાંથી દવાઓ અને સાધનો મેળવવામાં ગંભીર મુશ્કેલી પડે છે?**

☐ હા ☐ ના

**શું તમે ઈચ્છો છો કે તમારા જીપી રિકોર્ડસમાંથી મહત્વની માહિતી બીજા આરોગ્ય અને કેર પ્રફેશનલ્સ માટે મળી રહે?**

તમારી જીપી સર્જરિને તમારા જીપી રિકોર્ડમાંથી મહત્વની માહિતી શેર કરવા માટે પરવાનગીની જરૂર છે. આને સમરિ કેર રિકોર્ડ (SCR) કહેવામાં આવે છે. તમારું SCR ફકત સમગ્ર ઈંગ્લેન્ડની આરોગ્ય અને કેર સ્ટાફ સાથે શેર કરી શકાય જેઓ તમને સીધી સંભાળ પૂરી પાડે છે. તે તેમને તમારા જીપી રિકોર્ડમાંથી મહત્વની માહિતીની સુગમતા આપે છે.

☐ **હા, વધારાની માહિતી માટે સમરિ કેર રિકોર્ડ શેર કરો.**

તમારી દવાઓની વિગતો, એલર્જીસ,પ્રતિકૂળ પ્રતિક્રિયાઓ અને વધારાની માહિતી, કે જેમાં કોઈ પણ મહત્વની બીમારીઓ અને આરોગ્યની સમસ્યાઓ, શસ્ત્રક્રિયાઓ અને રસીકરણોની વિગતોનો સમાવેશ થાય છે.

☐ **હા, વધારાની માહિતી વગર સમરિ કેર રિકોર્ડ શેર કરો.**

ફકત તમારી દવાઓ, એલર્જીસ અને પ્રતિકૂળ પ્રતિક્રિયાઓની વિગતોનો સમાવેશ હોય

☐ **ના, સમરિ કેર રિકોર્ડ શેર કરશો નહિ**

તમારી દવાઓ, એલર્જીસ,પ્રતિકૂળ પ્રતિક્રિયાઓ અને કોઈ પણ વધારાની માહિતીની વિગતો તમારી સીધી સંભાળમાં સમાવિષ્ટ કોઈ પણ સાથે શેર કરવામાં આવશે નહિ.

# ભાગ B

તમારે આ વિભાગ પૂર્ણ કરવાની જરૂર નથી. પણ તમે જે પણ માહિતી આપો તે જીપીને તમને શ્રેષ્ઠ કાળજી આપવામાં મદદ કરશે.

## વિભાગ 5 – દરદીનું આરોગ્ય

**1 શું તમને કયારેય આમાંની કોઈ પણ સ્થિતિ થઈ હતી?**

- ☐ અલઝાઈમર્સ રોગ અથવા ચિત્તભ્રંશ
- ☐ એસ્મા ☐ કેન્સર ☐ ડાયબીટિઝ
- ☐ વાઈ કે એપિલેપ્સિ ☐ હ્રદય રોગ
- ☐ હાઈ બ્લડ પ્રેશર (હાઈપરટેન્શન)
- ☐ સ્ટ્રોક ☐ થાઈરોઈડ રોગ

**2 તમારું શ્રેષ્ઠ વર્ણન શું છે?**

- ☐ હું ધૂમ્રપાન કરુ છું ☐ હું ધૂમ્રપાન કરતો હતો
- ☐ મેં કદી પણ ધૂમ્રપાન કર્યુ નથી ☐ કહેવાનું પસંદ નહિ

**3 સરેરાશ, દિવસમાં તમે કેટલી સિગારેટનું ધૂમ્રપાન કરો છો?**

☐

**4 કઈ તારીખે તમે ધૂમ્રપાન બંધ કર્યુ?** તારીખ મહિનો વર્ષ

☐☐ ☐☐ ☐☐☐☐

**5 તમે કેટલી વારંવાર એલ્કોહોલ પીવો છો?**

- ☐ કદી નહિ ☐ મહિને અથવા ઓછો
- ☐ મહિનામાં 2 થી 4 વખત ☐ અઠવાડિયામાં 2 થી 3 વખત
- ☐ અઠવાડિયામાં 4 અથવા વધારે વખત ☐ કહેવાનું પસંદ નહિ

**6 જયારે તમે પીતા હો ત્યારે કોઈ વિશિષ્ટ દિવસે તમે કેટલા યૂનિટસ એલ્કોહોલ પીવો છો?**

4% બીઅરનો 1 પાઈન્ટ એ 2.5 યૂનિટ હોય છે, 125ml નાનો ગ્લાસ વાઈન તે 1.5 યૂનિટસ હોય છે અને 25ml શોટ ઓફ સ્પિરિટસ 1 યૂનિટ હોય છે.

યૂનિટસ

**7 છેલ્લા વર્ષમાં એકજ પ્રસંગે તમે કેટલીવાર એલ્કોહોલના છ થી વધારે યૂનિટસ લીધા હતાં?**

- ☐ કદી નહિ ☐ મહિના કરતાં ઓછા
- ☐ માસિક ☐ અઠવાડિક
- ☐ દરરોજ અથવા લગભગ દરરોજ ☐ કહેવાનું પસંદ નહિ

**8 તમારું વજન શું છે?**

કિલોગ્રામ્સ અથવા સ્ટોન્સ પાઉન્ડસ

**9 તમારી ઊંચાઈ શું છે?**

સેન્ટિમીટર્સ અથવા ફીટ ઈંચીસ

**10 એલર્જીસ**

**11 માનસિક આરોગ્યની સ્થિતિઓ**

## વિભાગ 5 – દરદીનું આરોગ્ય (ચાલુ)

**12** **વિકલાંગતાઓ**

**13** **બીજી તબીબી સ્થિતિઓ**

**14** **બીજી તબીબી સ્થિતિઓ**

**શું આમાંના કોઈ પણ પ્રિસ્ક્રિપશનો પુનરાવર્તિત છે?**

☐ હા ☐ ના

**15** **શું તમને અથવા તમારા સંભાળ રાખનારને સુગમતાવાળી રચનામાં વાતચીત કરવાની જરૂર છે?**

દાખલા તરીકે, અંધલિપિ. ઓડિઓ, મોટી રચના અથવા સરળતાથી વાંચી શકાય.

તમને શેની જરૂર છે તે અમને કહો

**16** **શું તમને અથવા તમારા સંભાળ રાખનારને જીપી સર્જરિની તમારી મુલાકાત સુલભ બનાવવા કોઈ પણ વાજબી ગોઠવણોની જરૂર છે?**

દાખલા તરીકે રાહ જોવાના રૂમમાં સાંભળી શકાય તેવું અથવા જોઈ શકાય તેવી ચેતવણી, હીઅરીંગ લૂપની સુગમતા અથવા નોંધ લેનાર માટે સપોર્ટ.

તમને શેની જરૂર છે તે અમને કહો

# ભાગ C

## વિભાગ 6 – પરદેશમાંથી આવેલા દરદીઓ

આ વિભાગ પૂર્ણ કરો જો તમે:

- યૂકેની મુલાકાતે હોય અને સામાન્ય રીતે રહેતા ન હોય.
- હાલમાં યૂકેમા (UK) રહો છો, પણ તેને તમારા કાયમી રહેઠાણના દેશ તરીકે ન વિચારો. દાખલા તરીકે, તમે અહીંયા અભ્યાસ કરી રહ્યા છો અથવા તમારી નોકરીના ભાગ તરીકે આવ્યા છો.
- યૂકેમાં (UK) કાયમી રહેનાર અને પેન્શન અથવા યુરોપીઅન દેશમાંથી બેનિફિટ મેળવે છે.

**જીપી પ્રેક્ટિસની બહાર મફત સંભાળની યોગ્યતા વિષે માહિતી**

કોઈ પણ વ્યક્તિ જીપી પ્રેક્ટિસ સાથે નોંધણી કરાવી શકે અને તે પ્રેક્ટિસમાંથી મફત તબીબી કેર મેળવી શકે છે. આમ છતાં પણ, જો તમને પ્રેક્ટિસની બહાર સારવાર માટે મોકલવામાં આવે અથવા બિનઆયોજીત સંભાળની જરૂર હોય, દાખલા તરીકે, હોસ્પિટલમાં, જો તમે મુલાકાતી અથવા કામચલાઉ રહેવાસી હો તો ચાર્જીસ લાગુ પડી શકે.

મુલાકાતીઓના અમુક જૂથો અથવા કામચલાઉ રહેવાસીઓ આ સંભાળ મફતમાં મેળવવા યોગ્યતા ધરાવે છે. યોગ્યતા દર્શાવવા માટે દસ્તાવેજોની જરૂર પડી શકે.

આવા યોગ્યતાના દ્રષ્ટાંતોમાં સમાવિષ્ટ છે:

- શરણાર્થીઓ, આશ્રય શોધનારાઓ, કે જેઓ રાજયના સપોર્ટના અમુક પ્રકારો મેળવતા હોય
- આધુનિક ગુલામી અને માનવ તસ્કરીના શંકાસ્પદ અથવા પુષ્ટિ કરેલ ભોગ બનેલાઓ
- 6 મહિનાથીઓ વધારે માન્ય વિઝા સાથે કામચલાઉ રહેવાસીઓ. તમે તમારી વિઝા અરજી સાથે ઈમિગ્રેશન હેલ્થ સરચાર્જ ચૂકવ્યો હશે. નોંધ કરો કે આસિસ્ટેડ કન્સેપ્શન કે સહાયરૂપ સગર્ભા સેવાઓ આ જૂથ માટે ચાર્જ પાત્ર હોય છે
- EEA ના મૂલાકાતીઓએ તેમનું EHIC (યુરોપીઅન હેલ્થ ઈન્શુરન્સ કાર્ડ) પૂરું પાડવાની જરૂર રહેશે, કે જે તાત્કાલિક જરૂરી બિનઆયોજીત સારવારને આવરી લે છે, અથવા S2 ફોર્મ જે આયોજીત સારવારને આવરી લે છે.

વધારામાં, અમુક સેવાઓ બધા મુલાકાતીઓ માટે નિઃશુલ્ક હોય છે, જેમાં ચેપી રોગો અને જાતીય સંક્રમિતચેપ માટેના નિદાન અને સારવારનો સમાવેશ થાય છે.

તાત્કાલિક જરૂરી સંભાળ, પ્રસૂતિ સંભાળ અને બીજી તાકીદે સંભાળ કે જે ચાર્જપાત્ર મુલાકાતીઓ યૂકેમાંથી પ્રસ્થાન થાય ત્યાં સુધી રાહ જોઈ શકતા નથી અથવા ચાર્જને કારણે રોકી અથવા વિલંબિત કરાશે નહિ. પણ બિન- તાકીદવાળી સારવાર જયાં સુધી પૂર્ણ ચૂકવણી મળે ત્યાં સુધી આપવામાં આવશે નહિ.

વધારે માહિતી જીપી પ્રેક્ટિસમાંથી મળી રહેતી દરદીની પત્રિકામાંથી મળી શકે.

**તમને લાગુ પડતા નિવેદન પસંદ કરો**

☐ હું સમજુ છું કે મારે જીપી પ્રક્ટિસની બહાર NHS સારવાર માટે ચૂકવણી કરવી પડી શકે.

☐ મારે જીપી પ્રક્ટિસની બહાર NHS સારવાર માટે ચૂકવણી કરવાની રહેતી નથી અને આ સાબિત કરવા માટે મારી પાસે દસ્તાવેજો છે.

☐ મને માહિતી નથી કે મારે સારવાર માટે ચૂકવણી કરવી પડશે કે નહિ.

# ભાગ C

## વિભાગ 6 – પરદેશમાંથી આવેલા દરદીઓ (ચાલુ)

અમને આ માહિતી આપવાનો અર્થ એ છે કે જો તમને જીપી પ્રેક્ટિસની બહાર NHS સંભાળની જરૂર હોય તો તમે ચાર્જ વિના તે સંભાળ માટે હકદાર છો, તો તમારા માટે આ હકદારી દર્શાવવાનું સરળ બનશે.

જયાં લાગુ પડતુ હશે ત્યાં તમારી હેલ્થકેર માટે જવાબદાર દેશોમાંથી NHS ખર્ચાઓ વસુલ કરવા માટે અમે તમારી ચાર્જેબલ સ્થિતિ સ્થાપિત કરવા માટે માહિતીનો ઉપયોગ કરીશું. આનાથી જીપી (GP) પ્રક્ટિસમાં નોંધણી કરાવવાની અથવા મફત જીપી સેવાઓ મેળવવા તમારી હકદારીને અસર થશે નહિ.

**1 નીચેનામાંથી કોઈ એક પર ટિક કરો**

- ☐ મારી પાસે EU અથવા EEA સભ્ય રાજ્ય દ્વારા જારી કરાયેલ S1ફોર્મ છે.
- ☐ હું EHIC કાર્ડ માટે હકદાર છું પણ મારી પાસે એક નથી.
- ☐ મારી પાસે EU અથવા EEA સભ્ય રાજ્ય દ્વારા જારી કરાયેલ EHIC કાર્ડ છે.
- ☐ મને યૂરપીઅન પેન્શન અથવા બેનિફિટ મળે છે
- ☐ હું મારા રોજગારના ભાગરૂપે યૂકેમાં છું
- ☐ આમાંના કોઈ નહિ

**નીચેનામાંથી કોઈ એક પર ટિક કરો**

**1 દેશનો કોડ**

**2 નામ**

**3 આપેલ નામ**

**4 જન્મતારીખ** તારીખ મહિનો વર્ષ

**5 વ્યક્તિગત ઓળખ નંબર**

**6 સંસ્થાનો ઓળખ નંબર**

**7 કાર્ડનો ઓળખ નંબર**

**8 પૂરી થતી તારીખ** તારીખ મહિનો વર્ષ

**તમારા EHIC અને S1 ડેટાનો કેવી રીતે ઉપયોગ થશે?**
NHS સારવાર માટે તમારા EHIC નો ઉપયોગ કરવાથી તમારા EHIC ડેટા અને જીપી એપોઈન્ટમેન્ટ ડેટા ફકત ખર્ચની પુનઃપ્રાપ્તિના હેતુઓ માટે NHS સેકન્ડરી કેર (હોસ્પિટલો) અને NHS ડિજિટલ સાથે શેર કરવામાં આવશે. ખર્ચ પુનઃપ્રાપ્તિ પ્રક્રિયામાં તમારો ક્લિનિકલ ડેટા શેર કરવામાં આવશે નહિ. તમારી EHIC અથવા S1 માહિતી તમારા હોમ કે રહેઠાણવાળા દેશમાંથી તમારા NHS ખર્ચને પુનઃપ્રાપ્ત કરવાના હેતુથી બિઝનેસ સર્વિસ ઓથોરિટિ સાથે શેર કરવામાં આવશે.